# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કરમસદ - આણંદ મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં 17 કામમાંથી 13 મંજુર કરાયાં

# આણંદની સોસાયટીમાં જીમ, સીસીટીવી સહિતની સુવિધા માટે ૮૦ ટકા રકમ અપાશે

**કર્મચારીની ઘટ પુરવા** એક્સ આર્મીમેનની ભરતી કરવામાં આવશે

(પ્રતિનિધિ) આણંદ તા.૫

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની શનિવારના રોજ સ્ટેન્ડીંગ કમિટિની બેઠક યોજાઇ હતી. જેમાં ૧૭માંથી ૧૩ કામ મંજુર કરવામાં આવ્યાં હતાં. આ કામોમાં સૌથી અગત્યનું સોસાયટીઓમાં જીમ, સીસીટીવી કેમેરા, ગટર લાઇન, સ્ટ્રોમ વોટર લાઇન સહિતની સુવિધા માટે ૮૦ :૨૦ના ધોરણે મનપા ૮૦ ટકા રકમ ભોગવશે. આ ઉપરાંત કર્મચારીની ઘટ પુરવા વર્ગ -3 અને 4માં એક્સ આર્મીમેનની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કરમસદ - આણંદ મનપાના સ્ટેન્ડીંગ કમિટિની બેઠક ચેરમેન મયુરભાઈ સુથારની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં ઇન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર તરીકે કલેક્ટર પ્રવિણ ચૌધરીએ હાજરી આપી હતી. આ બેઠકમાં કુલ ૧૭ કામો રજુ કરાયાં હતાં. જેમાં કોર્પોરેશનની મિલકતના રિનોવેશન માટે ૨૦ કરોડના ટેન્ડર બહાર પાડવું, ટીપી ૧, ૨ અને 3માં પાણીની નવી લાઇન નાંખવા ૪૧.૩૪ કરોડ, ચાવડાપુરામાં પાણી ભરાવાની સમસ્યા દુર કરવા સ્ટ્રોમ વોટર લાઇન નાંખવા ૧.૧૩ કરોડ, ઉપયોગમાં ન લેવામાં આવતાં ૪૮ જેટલા વાહનોની હરરાજી કરવી, એક્સ-આર્મીમેનની ભરતી કરવી, ડેપ્યુટેશનના અધિકારીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત લાયબ્રેરી માટે રૂ.૫ કરોડની ગ્રાન્ટ મળી છે, જેથી તેનો ડીપીઆર બનાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. હાલ લાયબ્રેરી ટીપી 10માં બને તેવી શક્યતા છે. હવે દસ વર્ષ જુની સોસાયટીમાં રોડ, રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, રેન વોટર હાર્વેસ્ટિંગ, સીસીટીવી કેમેરા અને ઓપન જીમ જેવી મૂળભૂત સુવિધાઓ માટે સહિતની સુવિધા માટે ૭૦% રાજ્ય સરકાર, ૨૦% જનભાગીદારી અને ૧૦% સ્થાનિક સંસ્થાના ફાળા સાથે વિકાસ કામો હાથ ધરાશે.

### સ્વીમિંગ પુલ સહિત 3 કામ રિવ્યુમાં લેવાયાં

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિની બેઠક દરમિયાન 3 કામ રિવ્યુમાં લેવામાં આવ્યાં હતા. જેમાં 6.93 કરોડના ખર્ચે બનેલો સ્વિમીંગ પુલના ફાયનલ બિલનું રિવ્યુમાં લેવામાં આવ્યુ છે. આ સાથે સ્વિમીંગ પુલમાં કોઇ કામ બાકી હોય તો સત્વરે પૂર્ણ કરવા જણાવ્યું છે. તેવી જ રીતે નિવૃત્ત કર્મચારી વિપુલ શાહને પુનઃ નિયુક્તિ માટે તેમનો પગાર નક્કી કરવા અને જુના બ્લોકને કોઇ ધાર્મિક સંસ્થાને આપવા માટે જરૂરી ખર્ચ સહિતની વિગતો રિવ્યુમાં લેવામાં આવી છે.

### ઝાડી - ઝાંખર દુર કરવા વધારાની રકમ રદ્દ

આણંદમાં અગાઉ ઝાડ કાપવા અંગેના કામમાં રૂ.50 લાખનું બિલ અટકાવવામાં આવ્યું હતું. તેવી જ રીતે આ વખતે પણ ઝાડી - ઝાંખર દુર કરવાના કામ માટે રાખેલી એજન્સીએ પણ વધુ રકમની માગણી કરી હતી. પરંતુ આ કામ રદ્દ કરવામાં આવ્યું હતું.

### વડતાલધામમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભવ્ય ઉજવણી



વડતાલધામમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ભારે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પવિત્ર અવસરે બ્રહ્મચારી શાસ્ત્રી પ્રભાનંદજીએ જન્મોત્સવ કથાનું રસપાન કરાવ્યું હતું. ભગવાનના પ્રાગટ્ય પૂર્વે મંદિર ચોકમાં રાસોત્સવ અને મહી મટકી ફોડનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, આ મહોત્સવમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે ઉપસ્થિત હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીનું પૂજન-આરતી કરી પારણું ઝુલાવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે આચાર્ય તથા ચેરમેન ડો. સંત સ્વામીના હસ્તે મંદિરના નૂતન કેલેન્ડરનું વિમોચન કરાયું હતું અને આરતી બાદ સંતો દ્વારા ચોકલેટની ઉછામણી કરવામાં આવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવામાં ચેરમેન ડો. સંત સ્વામી, કોઠારી દેવપ્રકાશ સ્વામી અને ગુણસાગર સ્વામીએ ભૂમિકા ભજવી હતી. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# સગીરા પર દુષ્કર્મ ગુજારનારા શખસને ૨૦ વર્ષની સખત કેદ

**નડિયાદના શખસે** સગીરાનું અપહરણ કરી કરમસદ પાસે ઓરડીમાં ગોંધી રાખી

### કઇ કલમમાં કેટલી સજા કોર્ટે ફટકારી ?

- **આઈપીસી ૩૬૩ અને ૩૬૬:** પાંચ-પાંચ વર્ષની સખત કેદ અને દસ-દસ હજાર રૂપિયાનો દંડ.
- **પોક્સો કલમ ૩-એ અને ૪:** દસ વર્ષની સખત કેદ અને ૨૫ હજાર રૂપિયાનો દંડ.
- **પોક્સો કલમ ૫-એલ અને ૬:** ૨૦ વર્ષની સખત કેદ અને ૨૫ હજાર રૂપિયાનો દંડ.
- **બિનચુકવણીની સજા:** દંડ ન ભરે તો વધુ એક વર્ષની જેલની સજા ભોગવવી પડશે.

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૫

મહેમદાવાદની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જઈ કરમસદ નજીક દેવરાજપરા ગામે ભાડાની ઓરડીમાં ગોંધી રાખી અવારનવાર દુષ્કર્મ આચરવાના કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે શિવમ મસરાજી સરગરાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતે આરોપી શિવમ સરગરાને કસૂરવાર ઠેરવી દંડ અને સજાનો હુકમ કર્યો છે.

આ ઘટનાની વિગત એવી છે કે, ગત ૧૫મી માર્ચ ૨૦૨૨ ના રોજ નડિયાદ સિવિલ રોડ કિડની હોસ્પિટલ પાછળ આવેલી ધર્મવીર સોસાયટીમાં રહેતો ૨૩ વર્ષીય શિવમ સરગરાએ મહેમદાવાદના ગ્રામ્ય વિસ્તારની સગીરાને લલચાવી ફોસલાવીને ભગાડી ગયો હતો. બાદમાં સગીરાને કરમસદ નજીક આવેલા દેવરાજપરા ગામે એક ભાડાની ઓરડીમાં રાખીને તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજારતો હતો. આ અંગે સગીરાની માતાએ મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેનો કેસ ચાલવા પર આવતા સરકારી વકીલ રાહુલ બ્રહ્મભટ્ટની ધારદાર દલીલો, ૧૬ જેટલા દસ્તાવેજી પુરાવાઓ અને ૧૦ જેટલા સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે શિવમને કસુરવાર ઠેરવી કલમવાર સજાનો આદેશ આપ્યો હતો. જેમાં ૨૦ વર્ષની સખત કેદનો સમાવેશ થાય છે.

# માતર નજીક આખલો આડો આવતાં GRD જવાનનું મોત

**પાંચ દિ'ની સારવાર** બાદ ઉંઢેલાના જવાને દમ તોડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

માતર તાલુકાના જુના હાઇવે પર રતનપુર પાટિયા પાસે રાત્રિના સમયે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં, ફરજ પર જઈ રહેલા ઉંઢેલા ગામના ૩૨ વર્ષીય જીઆરડી જવાન મહેશભાઇ રમણભાઇ ચુનારાનું લાંબી સારવાર દરમિયાન અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કરુણ મોત નીપજ્યું છે. આ અકાળ અવસાનથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉંઢેલા ગામના બસ સ્ટેશન સામે રહેતા મહેશભાઇ ચુનારા ખેડા ટાઉન પોલીસ મથકમાં જીઆરડી જવાન તરીકે માનદ સેવા આપતા હતા. ગત ૨૯મી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે તેઓ પોતાની નવી હોન્ડા બાઈક લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તે દરમિયાન રતનપુર પાટિયા પાસે અચાનક રોડ પર આવી ગયેલા આખલા સાથે તેમની બાઈક જોરભેર ટકરાઈ હતી.

આ અકસ્માતમાં રોડ પર પટકાતા મહેશને માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. રાહદારીની જાણ થતાં દોડી આવેલા પરિવારજનોએ તેને તાત્કાલિક ખેડા સિવિલ, ત્યારબાદ નડિયાદ અને આણંદની ખાનગી હોસ્પિટલોમાં ખસેડ્યા હતા. ખાનગી હોસ્પિટલોનો આર્થિક ખર્ચ વધી જતા આખરે ૩જી સપ્ટેમ્બરના રોજ તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં ૪ સપ્ટેમ્બરની રાત્રે સાડા બાર વાગ્યે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. માતર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અકસ્માત કેસમાં જામીન આપવા અને માર ન મારવા લાંચ માગી હતી

# કોઠંબા પોલીસના PSI એક લાખની લાંચ લેતા પકડાયાં

**વરધરી આઉટ** પોસ્ટના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસીબીના સકંજામાં સપડાયાં



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૫

હિસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશન હેઠળની વરધરી આઉટ પોસ્ટના બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર કેસરસિંહ રતુજી ચાવડાને રૂપિયા એક લાખની લાંચ સ્વીકારતા દાહોદ એન્ટી કરપ્શન બ્યૂરોએ રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી બેડામાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક જાગૃત નાગરિકની ગાડીના ડ્રાઈવર દ્વારા ફેટલ (જીવલેણ) અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના ગુના હેઠળ આરોપીને જામીન આપવા તેમજ પોલીસ કસ્ટડીમાં માર ન મારવા માટે વરધરી આઉટ પોસ્ટના વર્ગ-૩ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેસરસિંહ ચાવડાએ રૂ. ૨ લાખની લાંચની માંગણી કરી હતી. પરંતુ ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે દાહોદ એ.સી.બી. પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદના આધારે દાહોદ એન્ટી કરપ્શન બ્યૂરો પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. પઠાણ તથા તેમના સ્ટાફ દ્વારા ૦૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વરધરી આઉટ પોસ્ટ ખાતે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેસરસિંહ ચાવડા ફરિયાદી પાસેથી રૂ.એક લાખની લાંચની રકમ સ્વીકારતા સ્થળ પર જ રંગેહાથ પકડાઈ ગયા હતા. એસીબી દ્વારા લાંચની સંપૂર્ણ રકમ રિકવર કરીને પીએસઆઈ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આણંદમાં રૂ ભરેલા ટેમ્પોમાં આગ





આણંદના બાકરોલથી વડતાલ તરફ જતી રૂ ભરેલી છોટાહાથી ટેમ્પોમાં ત્રિવેણી સંગમ સોસાયટી પાસે અચાનક આગ લાગી હતી. આ ઘટના અંગે કંટ્રોલ રૂમમાં કોલ મળતા જ ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થઇ હતી. લીડિંગ ફાયરમેન પ્રદીપ પરમાર, ડ્રાઇવર પ્રદિપસિંહ સોલંકી અને ફાયરમેન પરિમલ, વિશાલ ભુરીયા તથા હિતેન્દ્ર મહિડાએ ભારે જહેમત ઉઠાવી પાણીનો મારો ચલાવી આગ સંપૂર્ણ કાબૂમાં લીધી હતી. ફાયર ફાઇટરોની સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

### નડિયાદને મધ્ય ગુજરાતનું પ્રાદેશિક રેલવે હબ બનાવવા રેલ મંત્રીને રજૂઆત

# નડિયાદ શહેરમાં વંદે ભારત ટ્રેનોના સ્ટોપેજ અને નવી લાઈનની માગણી

**નડિયાદ શહેર કોંગ્રેસ** પ્રમુખ હાર્દિક ભટ્ટનો રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૫

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદની રેલવે સુવિધાઓ અને કનેક્ટિવિટી વધારવા માટે નડિયાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિક ભટ્ટ દ્વારા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર પાઠવીને મહત્વની માંગણીઓ કરવામાં આવી છે. નડિયાદને મધ્ય ગુજરાતના પ્રાદેશિક રેલવે હબ તરીકે વિકસાવવા માટે પત્રમાં વિસ્તૃત આયોજન કરવાની રજૂઆત કરાઈ છે.

વર્ષ ૨૦૨૦ થી સદંતર બંધ પડેલી નડિયાદથી મોડાસા વચ્ચેની રેલ સેવા તાત્કાલિક ધોરણે ફરી શરૂ કરવા માટે ભારપૂર્વક માંગ કરાઈ છે, જેથી મુસાફરો અને વિદ્યાર્થીઓને પડતી ભારે હાલાકી દૂર થાય. આ સાથે, માત્ર ૧૦ કિલોમીટર દૂર આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ અને નડિયાદને જોડતી નવી રેલ લાઈન નાખવા માટે ફિઝિબિલિટી સ્ટડી કરાવવા રજૂઆત કરાઈ છે જેથી શ્રદ્ધાળુઓને મોટી સુવિધા મળી શકે.

નડિયાદ સાથેના લોકોના રોજિંદા વ્યાપારિક અને શૈક્ષણિક સંપર્કને ધ્યાનમાં રાખીને, હાલમાં આણંદથી ખંભાત, ગોધરા, ભરૂચ અને વડોદરા સુધી દોડતી તમામ મેમુ ટ્રેનોને નડિયાદ સુધી લંબાવવામાં આવે તો મુસાફરોને આણંદ જઈને ટ્રેન બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે અને દૈનિક મુસાફરોને મોટો ફાયદો થશે. નડિયાદ સ્ટેશનને પણ રિનોવેશ કરવા રજૂઆત કરી છે.

### લાંબા અંતરની ટ્રેનોના સ્ટોપેજ આપવા માંગ



નડિયાદ ખેડા જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં ઘણી મહત્વની ટ્રેનોના સ્ટોપેજ અહીં આપવામાં આવ્યા નથી. આ સમસ્યાના નિવારણ માટે ગાંધીનગર થી મુંબઇ સેન્ટ્રલ અને સુરત થી ઉદયપુર વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને નડિયાદ સ્ટેશને રોકાણ આપવા માંગ કરાઈ છે. આ ઉપરાંત ભાગલપુર થી અમદાવાદ અમૃત ભારત એક્સપ્રેસ, ઓખા થી તિરુપતિ, અમદાવાદ થી ગોરખપુર અને ગાંધીનગર થી વારાણસી જતી ટ્રેનોને પણ નડિયાદમાં સ્ટોપેજ મળવું જોઈએ. પત્રમાં દલીલ કરાઈ છે કે ટ્રેનોના સ્ટોપેજ માત્ર અંતરના આધારે નહીં, પરંતુ વસ્તી અને મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને આપવા જોઈએ.

# જન્માષ્ટમીની હર્ષોલ્લાસથી ભવ્ય ઉજવણી કરવામાંઆવી

**નંદ ઘેર આનંદ** ભર્યો....જય કનૈયા લાલકી....ના નાદથી મંદિરો ગુંજી ઉઠ્યા

(પ્રતિનિધિ) આણંદ તા ૫

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શુક્રવારે જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ચરોતરના તમામ દેવમંદિરો નંદ ઘેર આનંદ ભર્યો....જય કનૈયા લાલકીના નાદથી ગાજી ઉઠ્યા હતા. પ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં કૃષ્ણ દર્શન માટે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતજનો ઉમટ્યા હતા. આણંદ ખેડા અને મહિસાગર જિલ્લાના ૪૦ કરતાં વધુ ગામોમાં જન્માષ્ટમીની ઉજવણી સાથે સાથે લોકમેળ: પણ ભરાયા હતા. આણંદ-ખેડા મહિસાગર જિલ્લાના તમામ શહેર તથા ગામોના



મંદિરોમાં શુક્રવારે જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા માટે મંદિરોને શ્રધ્ધાળુઓ દ્વારા સુશોભિત કરવામાં આવ્યા હતા, તેમજ મંદિરોને રોશની, તોરણોથી શણગારવામાં આવ્યા હતા. જન્માષ્ટમી પર્વની ધામધૂમથી ઉજવણી પ્રસંગે બાળધૂન મંડળ તથા યુવક મંડળ દ્વારા ભજનર્કિતન કરવામાં આવ્યા હતા.

# ખેડામાં ડ્રોપઆઉટ દીકરી માટે કલેક્ટર અને ડીડીઓ ઘરઆંગણે પહોંચ્યા

**નાયકા ગામની બે** દિકરીને ધો.૯માં પ્રવેશ કરાવી ભવિષ્યની ઉજ્જવળ જવાબદારી તંત્રે સ્વીકારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

'એક પણ દીકરી શિક્ષણથી વંચિત ન રહે'ના ઉદાત્ત સંકલ્પને સાકાર કરવા માટે ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક સંવેદનશીલ અને માનવતાવાદી પહેલ હાથ ધરવામાં આવી છે. સામાન્ય રીતે ડ્રોપઆઉટ બાળકોના કિસ્સામાં સરકારી ફાઈલો અને આંકડાઓની માયાજાળ જોવા મળતી હોય છે, પરંતુ ખેડા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ નાયકા ગામની ધોરણ-૮ પૂર્ણ કર્યા બાદ અભ્યાસ અટકાવી દેનાર બે દિકરીઓના ઘેર રૂબરૂ જઈને વાલીઓ સાથે આત્મીય સંવાદનો નવો ચીલો ચાતર્યો છે.

ખેડા તાલુકાની નાયકા કન્યા પ્રાથમિક શાળામાંથી ધોરણ-૮ પાસ કર્યા બાદ શિવાની શૈલેષભાઈ નાયક અને રીધ્ધી કિશનભાઈ રાઠોડ નામની બે વિદ્યાર્થિનીઓએ આગળ કોઈ શાળામાં પ્રવેશ મેળવ્યો નહોતો. સામાન્ય રીતે વહીવટી તંત્ર માટે આ એક સામાન્ય ડ્રોપઆઉટ આંકડો હોઈ શકે, પરંતુ ખેડા જિલ્લા વહીવટી તંત્રએ આ બાબતને માત્ર શૈક્ષણિક આંકડા તરીકે નહીં, પરંતુ બે દિકરીઓના આખા ભવિષ્ય સાથે જોડાયેલા અત્યંત મહત્વના પ્રશ્ન તરીકે લીધી હતી. આ ચિંતા સાથે ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય અને જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરે સ્વયં નાયકા ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી અને બંને દિકરીઓના ઘરે જઈને તેમના પરિવારજનો સાથે સીધો હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો.

આ મુલાકાત દરમિયાન ઉચ્ચ અધિકારીઓએ દિકરીઓનો અભ્યાસ આગળ ન વધવા પાછળના વાસ્તવિક કારણોની ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી. વાલીઓને સમજાવવામાં આવ્યું હતું કે શિક્ષણ માત્ર રોજગાર મેળવવાનું સાધન નથી, પરંતુ વ્યક્તિત્વ વિકાસ, આત્મનિર્ભરતા અને ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત આધાર છે. અધિકારીઓએ વાલીઓની



શૈક્ષણિક મુશ્કેલીઓ દૂર કરવા માટે વહીવટી તંત્ર તરફથી શક્ય તમામ સહયોગ આપવાની ખાતરી આપી હતી અને બંને દિકરીઓને પોતાની દિકરી સમાન ગણી તેમના શિક્ષણની જવાબદારી પ્રત્યે સંવેદનશીલતા દાખવી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**